ફો.કેસ નં. :– ૧૦૦૨/૨૩
આંક:–૪ નું સાંધણ

**પાના નં.૫**

**શરુ કલાક ૦૪:૩૩,પુર્ણ ૦૫:૪૫**
**સોગંદ આપ્યા.....**
**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી કે.એન.કવૈયા દ્રારા**

(૧) એ વાત ખરી છે કે મારા ફરીયાદના પેરા નં.૧ મા મે દર્શાવેલ સરનામે રહુ છુ અને વેપાર કરી મારુ તથા મારા પરીવારનુ જીવન ગુજારીએ છીએ તેવુ જણાવેલ છે પરંતુ હુ શુ વેપાર કરુ છુ તેની વિગત જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારા ફરીયાદના પેરા નં.૨ મુજબ આ કામના આરોપીનુ સરનામુ રાજકોટ મુકામેનુ જણાવેલ છે પરંતુ તેના સમર્થનમા મે આરોપીનુ સરનામુ દર્શાવતો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદમા આરોપીના ખોડીયાર વેલ્ડીગ વર્કસ નામના ધંધાના સરનામાનો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે હાલની ફરીયાદવાળો વ્યવહવાર આરોપી સાથે ધંધાકીય લેવડ દેવડનો થયેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીને પોતાના ધંધામા રકમની જરુરીયાત પડતા મે આપેલ છે. એ વાત ખરી છે કે મે આ કામમા જય ખોડીયાર વેલ્ડીગ વર્કસ પેઢીને આરોપી તરીકે દર્શાવેલ નથી. મને મે દાખલ કરેલ ફરીયાદ તેમજ આંક–૪ની સરતપાસનુ સોગંદનામુ તથા આંક–૯ની વૈધાનીક નોટીસ બતાવવામા આવે છે કે જે જોઈને બતાવુ છુ કે મે તેમા જય ખોડીયાર વેલ્ડીગ વર્કસ પેઢીને આરોપી તરીકે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૬વાળો ચેક આરોપીના અંગત ખાતાનો ચેક નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંક–૬ના ચેકમા દર્શાવેલ પેઢીના પ્રોપરાઈટર કે પાર્ટનર છે કે નહી તેની મને ખબર નથી પરંતુ તે પેઢી તેમની છે. એ વાત ખરી છે કે આ કામના આરોપી દિલીપભાઈ અરજણભાઈ હંસોરાના સગા થાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી તથા દિલીપભાઈ અરજણભાઈ હંસોરા અમારા પણ સગા થાય છે. એ વાત ખરી છે કે દિલીપભાઈ અરજણભાઈ હંસોરાને આરોપી સાથે દીલો કહી હુલામણા નામે તેમજ આરોપીના પુત્રને દીલાકાકા કહીને હુલામણા નામથી બોલાવવાના સંબંધો છે જયારે મારી સાથે આરોપીના આવા કોઈ હુલામણા નામથી બોલાવવાના સંબંધ નથી. એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ દિલીપભાઈ અરજણભાઈ હંસોરા પાસે રકમની માંગણી કરેલી મારી પાસે કરેલી નથી. એ વાત ખરી છે કે મને મારી ફરીયાદ બતાવવામા આવે છે કે જેમા જોઈને બતાવુ છુ કે મારી ફરીયાદના પેરા નં.૪ મુજબ દિલીપભાઈ અરજણભાઈ હંસોરા સાથે આ કામના આરોપી અમોને મળેલા અને ધંધાકીય હેતુસર હાથ ઉછીના રૂા.૫,૦૦,૦૦૦/– ની એ માંગણી કરેલી અને વિનંતી કરેલ તેવુ લખેલ છે. હુ આ દિલીપભાઈ અરજણભાઈ હંસોરા સાથે આ કામના આરોપી મને મળેલા હોય તેવો કોઈ પુરાવો રજુ કરી શકુ નહી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દિલીપભાઈ અરજણભાઈ હંસોરા સાક્ષી પુરાવા તરીકે છે. એ વાત ખરી છે કે આ કામના આરોપીને મે ફરીયાદમા દર્શાવેલા ત્રણ વર્ષના સમયગાળા માટે ફરીયાદ વાળી રકમ આપેલી તેવો કોઈ લેખીત પુરાવો મને આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીને ત્રણ વર્ષના દર્શાવેલ સમયગાળો પુર્ણ થયા બાદ રકમ પરત ચુકવા મે કોઈ નોટીસ,ફરીયાદ કાર્યવાહી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદના પેરા નં.૫ મા ત્રણ વર્ષ પુર્ણ થયા બાદ વધારાના એક વર્ષના સમયની આ કામના આરોપીએ રકમ પરત ચુકવા માંગણી કરેલ તેનો કોઈ પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી પાસે મારી ફરીયાદમા દર્શાવ્યા મુજબ જાન્યુઆરી–૨૨મા ઉઘરાણી કરેલ હોય અને આરોપીએ તકલીફ હોય અને ધંધો સેટ થયો નથી થોડા સમયમા રૂબરુમા આવીને રકમ આપી જઈશ તેથી અમોએ આરોપીની વાત પર વિશ્વાસ મુકેલો અને વધુ સમય આપેલો તેના સમર્થનમા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ

નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીને હુ દિલીપભાઈ સાથે જાન્યુ–૨૩મા રાજકોટ મુકામે મળેલ હોઉ અને તે સમયે આ કામના આરોપીએ હાલ મારી પાસે સગવડ નથી પરંતુ પાંચ માસ પછીનો આરોપીના બેંક એકાઉન્ટનો ચેક આપેલ તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ નથી.

સવાલ:–હાલની ફરીયાદમા દર્શાવેલ વ્યવહારમા દરેક સમયે દિલીપભાઈ અરજણભાઈ હંસોરાની જાણકારી હોવાની આપશ્રીએ હકીકત ફરીયાદમા દર્શાવેલ છે તે પરત્વે હાલની ફરીયાદમા દર્શાવેલ નાણાકીય વ્યવહાર થયો ત્યારથી આંક–૬વાળા ચેકની તારીખ સુધીનો સમયગાળો આશરે પાંચ વર્ષ છ માસ દસ દિવસ જેટલો થયેલ છે તે સમયગાળા દરમ્યાન આ કામના આરોપી તથા દિલીપભાઈઅરજણભાઈ હંસોરા વચ્ચે શુ વ્યવહાર કે વાતચીત થયેલ હોય તે તમે કહી શકો નહી ?

જવાબ:– હા,બંને વચ્ચે શુ વાતચીત થઈ હોય તેની મને ખબર નથી.

(૨)એ વાતની મને ખબર છે કે હાલના કેસ સીવાય આ કામના આરોપી વીરુધ્ધ દિલીપભાઈ અરજણભાઈ હંસોરાની દરમ્યાનગીરીથી થયેલ અન્ય વ્યવહાર દર્શાવી ફો.કે.નં.૮૮૫/૨૩વાળો નેગોશીએબલ ઈન્સ્ટ્રુ.એકટ–૧૩૮ મુજબનો અન્ય એક કેસ દાખલ થયેલ છે. એ વાત ખરી છે કે આંક–૬વાળા ચેકમા આરોપીની સહી સીવાયના લખાયેલ અન્ય કોલમના અક્ષરો અલગ છે. મને ફરીયાદવાળો ચેક આરોપીએ આપ્યો તે સમયે દિલીપભાઈ અરજણભાઈ હંસોરા હાજર હતા.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને રાજકોટ મુકામે જ આ ચેક આપેલ છે. આંક–૬વાળા ચેકમા સહી સીવાયના કોલમમા લખાયેલ અક્ષરો દિલીપભાઈ અરજણભાઈ હંસોરાના છે. એ વાત ખરી છે કે દિલીપભાઈ અરજણભાઈ હંસોરા હળવદ મુકામે મારુતી એન્જીનીયરીગ વર્કસ નામનુ યુનીટ ધરાવે છે અને આર્થીક રીતે સધ્ધર વ્યકતી છે. મને એ વાતની જાણકારી છે કે આ કામના આરોપીએ મને આપેલ હાલની ફરીયાદવાળા નાણા પરત આપવાની સમયમર્યાદા વિત્યાબાદ દિલીપભાઈ અરજણભાઈ હંસોરાએ આ કામના આરોપીને અન્ય વ્યકતી પાસેથી રૂા. ૧૫,૦૦,૦૦૦/– અપાવેલા. એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ દિલીપભાઈ અરજણભાઈ હંસોરાને હાલના ફરીયાદવાળા ચેક અને અન્ય ઘણા ચેકો આપેલ હોય અને આરોપીનો વ્યવહાર આ દિલીપભાઈ અરજણભાઈ હંસોરા સાથે હોય પરંતુ દિલીપભાઈ અરજણભાઈ હંસોરાએ જે તે સમયે મારા ખાતામાથી આરોપીને રકમ ચુકવેલ હોય જેથી તે ચેકમા દિલીપભાઈ અરજણભાઈ હંસોરાએ વ્યવહારો કરેલ હોવા છતા મારુ નામ લખી ખોટો કેસ કરેલ છે. એવાત ખરી નથી કે દિલીપભાઈ અરજણભાઈ હંસોરાએ આરોપી પાસેથી અનેક વખત ઘણી રકમો પરત મેળવેલ હોય પરંતુ વધુ રકમની માંગણી ન સંતોસતા મારી એન્ટ્રી વાળો ચેક મારા નામે અને વધારાની રકમ વ્યાજ દર્શાવી અન્ય ચેકમા અન્ય વ્યકતીના નામે ડીપોઝીટ કરી આરોપીને ખોટા કેસોમા સંડોવી દે છે. એ વાત ખરી નથી કે આરોપી અને મારે ઘણા વર્ષો સુધી કોઈ વ્યવહાર ન હોય દિલીપભાઈ અરજણભાઈ હંસોરાનો વ્યવહાર મારા ખાતામાથી થયેલ હોય એટલે મારી પાસે દર્શાવેલ વ્યવહાર અને બનાવના સમર્થનમા એકપણ દસ્તાવેજી પુરાવા નથી. આ તબકકે કલાક ૦૫:૪૪ વાગ્યે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ વધુ ઉલટતપાસ માટે મુલત્વી.

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૬/૧૨/૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.